સુધરેલી રીત મુજબ

વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટીએ
તૈયાર કરેલી

પહેલી ચોપડીના અર્થ

(કવિતાની સમજુતી, અઘરા શબ્દો; પાઠનો સાર;
જોડાક્ષર; ઈ.)

રચનાર–મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો.
રચનારનું ઠેકાણું–શાહપોર–સુરત.

પ્રસિદ્ધ કર્તા–C. M. Shah.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું–શાહપોર–સુરત.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ
રજીસ્ટર કરાવ્યું છે.

સુરત ચઉટાના પુલપર ટાંકી પાસે આવેલા "શંકર"
પ્રીન્ટીંગ પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે
સને ૧૯૧૯] છાપ્યાં. [સંવત ૧૯૭૫

કિંમત અઢી આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૮૦૧૦ वर्गांक

पुस्तकनुं नाम પહેલ ચોપડીના રાષ

विषय

પહેલા ધોરણનો "મુખગણિત શિક્ષક." દોઢ આનો.

પહેલી ચોપડીનો "ડિક્ટેશન શિક્ષક" બે આનાં.

કર્તા-છગનલાલ મોતીરામ શાહ. શાહપોર-સુરત.

પહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧

દિવાળી=વરસનો છેલ્લો દિવસ; આસો વદ અમાસ

અક્ષર=હરફ; દસ્કત

નિશાળ=ભણવાનું ઠેકાણું

રજા=છુટ્ટી.

છોડી=છોકરી

પાછી વળી=ફરી

ભેગી=સાથે; એકઠી

લીંપેગુંપે=છાણ મટોડાથી સાફ કરે

ધોળેછે=ચોપડેછે; છાંટેછે

સંજોરી=ધારી

ઘુઘરા=ઘુઘરાના આકારનો ઘઉંનો બનાવેલો ગળ્યો પદાર્થ

સાથીઆ=ચુનાની ફાક વગેરેનાં કાઢેલાં ચિત્ર

આંગણામાં=બારણા આગળ

જમવાનું=ખાવાનું

લુગડાં=કપડાં

ઘરેણાં=દાગીનાં; જણસો

દારૂખાનું=આતશબાજી

ફોડે છે=સળગાવે છે.

સૌ=બધા

ગીત=રાગથી ગાવું તે

ઘરઘર=ઘેરઘેર

ફટાકડા=ફટાકા.

હરખાય=ખુશી થાય

સમજુતી—દીવાળીના દહાડામાં ઘેરેઘેર દીવા સળગે છે અને ફટાકા ફડાફડ ફુટે છે, તેથી છોકરાંઓ ઘણા ખુશ થાય છે.

પાઠ ૨	બંધ રહે છે=રજા પડે છે	ધર્મ માનનાર
વાર=દિવસ; દહાડો	રવિ=સુરજ; સૂર્ય	જુમેરાત=ગુરુવારનીરાત
	દેવળ=દેહરૂં	
વિષે=બાબત	કેડે=પછી	પાછો=ફરીને;બીજીવાર
કચેરી=કોરટ	મુસલમાન=મુસલમાની	અઠવાડીઉં=સાત દિવસ

સમજુતી—પહેલો રવિવાર, પછી બીજો સોમવાર, ત્રીજો મંગળવાર, ચોથો બુધવાર, પાંચમો ગુરુવાર, અને પછી છઠ્ઠો શુક્રવાર આવે છે. (૧) સાતમો વાર શનિ છે, તે છેલ્લો વાર ગણાય છે: એવી રીતે સાત દહાડાનું એક અઠવાડીઉં થાય છે. (૨)

પાઠ ૩	જડી લીધેલું લાકડાનું ઘર	ચિત્રો=છબીઓ
ફરતી=ચારે બાજુએ; આસપાસ	વાવટા=નિશાન; ધજા	ટાંગેલાં=લટકાવેલાં
વાડ=કાંટાનો કે તારનો બનાવેલો આંતરો	મોગરી=ઘંટ વગાડવાની લાકડાની હથોડી	ઘોડી=પાટીઉં મૂકવાની બેઠક
દરવાજો=મોટું બારણું	મહેતાજી=માસ્તર;ગુરુજી	કસરત=મહેનત કરી શરીરને મજબુત બનાવવું તે
માંહે=અંદર	બેઠક=બેસવાની જગા	માટી=મટોડી
ફુલઝાડ=ફુલ થાય તેવા છોડ	કલાકની શીશી=કલાક જાણવાનું સાધન	મજાની=સારી
વેલ=વેલો; ભોંયપર પથરાતો છોડ	ગામ=જ્યાં થોડાં ફળીઆં અને ઘરો હોય તે	અહીં=આ ઠેકાણે
ચોકઠું=ચારે બાજુથી	નકશો=ગામ કે દેશનો ચિત્રેલો નમુનો	રોજ=હંમેશાં
		પાઠ ૫
		ધોતલી=પોતડી; ધોતડી

અંગરખી=ડગલી
જોડીઓ=નાના બૂટ; ખાસડીઓ
દરજી=લુગડાં શીવનાર
સુરવાલ=સાંકડા પાયચાનો લેંઘો
ફળીઉં=મહોલ્લો
કોટ=ડગલો
ઘાઘરી=નાનો ચણીઓ
ઓઢણી=છોકરીઓને ડીલે તથા માથે ઓઢવાનું ત્રણ ગજનું લુગડું
પરીક્ષા=તપાસણી

પાઠ ૬.

ચોકખાઇ=સફાઇ; સુઘડતાઇ
ચોકખા=સાફ
મેલાં=ગંદાં; મેલવાળાં
બરાબર=સારી રીતે
ડીલ=શરીર
ગંદી=ખરાબ
અડાય=અડકાય
ફોલ્લો=ગુમડું; ચાંદું
ખસ=ઝીણી ફોલ્લી; ખુજળી
ધોવડાવવાં=સાફ કરાવવાં.
ડાઘા=ડપકાં
વાડો=ઘરની પાછળની ખુલ્લી જગા
ગંદવાડ=ગોજવાડ
નાથ=ધણી
માંદા=આજારી.
કવિતા=ગાયન
મુખડું=મોં.
દીલ=મન.
જગનાનાથ=જગતના ધણી; પરમેશ્વર

સમજુતી—મારો ઓટલો સાફ છે, અને મારા ઘરનો ચોક પણ સાફ છે; મારાં લુગડાં સાફ જોઇને, બધા લોક મને ચોકખો કહે છે. (૧) મારૂં મોં સાફ છે; અને મારા હાથ પગ ચોકખા છે મારા ચોકખા (પાપ વગરના) મનમાં પરમેશ્વર બિરાજે છે. (૨)

પાઠ ૭.

વરસગાંઠ=સાલગીરી; -જન્મ દિવસ
ભાવ્યાં=પસંદ પડયા; સ્વાદ લાગ્યા
ઝટ=જલદી
ભાણો=બેનનો છોકરો; ભાણેજ
કઢી=છાશમાં આદુ મરચાં હળદર વગેરે નાખી ઉકાળેલી તે
હાથ પણ અડાડયોનહિ= જરા પણ ખાધું નહિં
બીડાં=પાનમાં ચુનો કાથો સોપારી વગેરે મુકી બનાવેલી પટીઓ

પાઠ ૮.

કાકો=બાપનો ભાઈ
કાકી=કાકાની વહુ
ભત્રીજો=ભાઈનો છોકરો
મામો=માનો ભાઇ; બાપનો સાળો
મામી=મામાની વહુ
ભાણેજ=બેનનો છોકરો; ભાણો
ફોઇ=બાપની બેન
ફુઓ=ફોઇનો વર
માસી=માની બેન
માસો=માસીનો વર
પીતરાઇ=કાકાનાં છોકરાં
મોળાઇ=મામાનાં છોકરાં
મસિઆઇ=માસીનાં છોકરાં
ફોઇઆત=ફોઇનાં છોકરાં
બનેવી=બેનનો વર
સાળો=વહુનો ભાઇ
સાળી=વહુની બેન
ઓરમાઇ=બાપ એક ને મા જુદી જુદી હોય તે સાવકાં
સાવકી=ઓરમાઈ
મા એક અને બાપ જુદા જુદા હોય તે દૂધભાઇ કહેવાય
જમાઇ=છોકરીનો વર
વહુનાં માબાપ=છોકરાંનાં સાસુ સસરા
વરનાં માબાપ=છોકરીનાં સાસુ સસરા
છોકરા કે છોકરીનો સસરો એક બીજાને વેવાઇ કહે છે.
છોકરા કે છોકરીની સાસુ એક બીજાને વેવાણ કહે છે.

પાઠ ૧૦.

મોટાં=મોટી ઉમરનાં; વડીલ
પ્રમાણે=રીતે
પૂઠે=પાછળ
બાવાજી=બાપાજી
વખાણ=સારૂં કહેવું તે
માન=આવકાર

પાઠ ૧૧.

ઉજાણી=મીજબાની.
બબ્બે=બે બે
કયાં=કયે ઠેકાણે
આશોપાલવ=એક જાતનું ઝાડ (એનાં પાંદડાંનાં તોરણો બને છે)
વિના=વગર
પૌંઆ=ડાંગર પલાળી શેકીને ખાંડીને બનાવેલા તે
ધાણી=જુવાર, મકાઇ, વગેરેના દાણાને શેકી બનાવે છે તે
વઘારેલાં=વઘાર દીધેલાં
ખારેકી=ખારેકના જેવા
દળ=લોટને શેકી તેમાં ઘી ખાંડ વગેરે નાખી બનાવેલું તે
દાદી મા=બાપની મા
રાંદેરી=રાંદેરમાં થતાં
શેતરંજી=પાથરવાનું જાડું સુતરાઉ બિછાનું

પાથરણું=બિછાનું
હાર=ઓળ
શાક=દૂધી, વેગણ, પાપડી વિગેરે
ચટણી=આદુ મરચાં, કોથમીર, મીઠું વગેરે છુંદી બનાવેલી તે
ખુબ=ઘણા
મજા=રમુજ; ગમત

પાઠ ૧૨

હોડી=સઢવાળો મોટો મછવો
રમત=ગમત; ખેલ
તાપ=તડકો; ગરમી
પણે=પેલે ઠેકાણે
એકઠાં=ભેગાં
તરફ=બાજુ
તળાવ=જેની ચારે બાજુએ જમીન અને વચમાં પાણી હોય તે
પછાડી=પાછળ
સરત=હારજીત
થોભો=ઉભા રહો
જીત્યો=ફાવ્યો
સઢ=વહાણને ચલાવવમાં મદદ કરવા માટે પવન ભરાવવા સારૂ બાંધેલું લુગડું
ચાલ=રીત
સુંદર=સારી
સહેલ=મજા; મોજ

પાઠ ૧૩

ખંડ=બૈરાંની કાંચળીના કપડાનો કસબી રેજો
કાંચળી=બૈરાનું કપડું
રડતી=રોતી
છાની=મુંગી; ચૂપ
હો=વારૂ
નજર કરી=જોઈ
ડાહી=શાણી; સમજણી

પાઠ ૧૪.

દેડકાં=પાણીમાં રહેનાર ચોપગાં પ્રાણી
પાળ=કોરણ; કોરદ, કાંઠો
ફેંકાફેંકી=નાખાનાખી
ધડાધડ=ધબોધબ
માર્યા જઈએ છીએ=દુખી થઈએ છીએ
અરે=ઓ
ખરી=સાચી
પ્રાણી=જીવ
ફજેત=દુ:ખ; નુકસાન
રમત=ખેલ
સંભાળી=સાચવી
દુ:ખ=પીડા
નુકસાન=બગાડ
કદી=કોઈ વખત
ખેલતાં=રમતાં
ભારી=ઘણું
હાણ=નુકસાન

સાર—આ રમતથી લાગવાની ઇંદ્રિય, ધારણા શક્તિ વગેરે શક્તિઓ કેળવાય છે.

પાઠ ૧૫.

દયા=મહેરબાની; રહેમ

ખીજયા=વઢયા

તળે=નીચે

છુંદાય=ચગદાય; કચડાય

ફાંફાં=ખોટી મહેનત

ઢોર=ગાય, ભેંસ, બળદ વગેરે ઘાસ ખાનાર પશુ

કામના=ખપના

સંભાળ=બરદાસ.

વખતસર=બરાબરવખતે

સાફ=ચોખ્ખી

નીંદવાનું=નાખવાનું

સોળ=ઝપાટો; લાકડીના મારથી શરીર પર જે લીસોટા પડે છે તે

યાદ=ફેમ

ભુલી=વાસરી

ગજા=શક્તિ

ઉપરાંત=વધારે

પાઠ ૧૬.

એનઘેન=છોકરાઓની એક રમતનું નામ છે

છુટો=બંધન વગરનો

મજા=ગમત

દાવ [illegible]ારે

પ[illegible]ડે

જણ=છોકરો

બંધ કર=મીંચ

બા[illegible]ના=બીજા

વાંસો=પીઠ; બરડો

વારાફરતી=એકપછીએક

દીવા ઘેન=આંખ બંધ કરવી છે.

સમજયો=જાણ્યું

સેળભેળ=એકઠા

હોશિયાર=ચાલક

પારખી=ઓળખી

સંતાવા=છુપાવા

અડશો=અડકશો

બચી જશે=વારો આવશે નહિ

લાંબો વખત=ઘણી વાર

ઓળખ=પારખ

શાબાશ=ધન્ય; ઠીક

બસ=ઘણું

સમજુતી– રમત [illegible] રતાં, કોઈ વખત પણ કોઈને નુકસાન કરવું નહિ [illegible] ાં ઘણું નુકસાન થાય છે.

પાઠ ૧૭

સાચ=સાચું. સ[illegible]

ગમ્યો=પસંદ પડયો

દેસાઇ=જાગીરદાર

છૈયાં=છોકરાં

[illegible]

જુડુ–ખડુ

હેત=માયા; પ્યાર

વખાણ્યો=પસંદ કર્યો

દેખે=જુએ

[illegible]=કાપ મૂકે

કાપ=ચીરો

ગભરાયો=અકળાયો

સાચા બોલું=ખરૂં બોલનાર

પાઠ ૧૮

વાઘ=ફાડી ખાનારૂં ચ-
ટાપટાવાળું પ્રાણી

મશ્કરી=મજાક

પસ્તાય=દીલગીર થાય

બચ્યાં=બાકી;રહ્યાં ઉગર્યાં

સીમ=ખેતર

અમથી=ખોટી; જુઠી

ધાજો=દોડી આવજો

આસપાસ=આજુબાજુ

શરમાઇ=લજવાઇ

ખોટું=ખરાબ; મીઠું

સાચી=ખરી

રોવા=રડવા

છેતર્યા=ઠગ્યા

વા'રે=મદદે

વારે ધાયા=મદદે દોડી
આવ્યા

સપડાય=ફસાય

જુઠાણું=ખોટારૂં; જુઠું.

આખર=છેવટ

જન=માણસ

સમજુતી—જે માણસ બીજા માણસની મજાક કરે છે તે માણસ પહેલાં કે પછી પકડાય છે; ખોટારૂં જલદી જણાઇ આવે છે. અને આખરે તે જુઠો માણસ દીલગીર થાય છે. (૧)

પાઠ ૧૯

[illegible], [illegible]

પોકે પોક મૂકી=મોટે
સાદે ધાંટા પાડી

અલ્યા=કોઇને નામ દી-
ધા વગર બોલાવવું તે

બચાવ=ઉગાર

આઘું=દૂર

એકેકને=દરેકને

કબુલ કરી=માની

પાઠ ૨૦

ગરીબ=પૈસા વગરનો

અન્ન=અનાજ

[illegible] પાસે
[illegible] નું ન હોય
તે; ભીખ માગનાર

ભજન=ઇશ્વરના ગુણ
ગાવા તે

પુરાં=પુરતાં; જોઇએ
તેટલાં

આંધળો=જેને બે આંખે
દેખાય નહિ તે

ભીખ=માગી ખાવું તે

પગે અપંગ=પગે ખોડ
વાળો; લુલો; લંગડો

અપંગ=લુલો, લંગડો

આંધળો, બહેરો વગેરે
ખેડવાળો

દયા=મહેરબાની

ભગવાન=પરમેશ્વર

ભલું=સારૂં; કલ્યાણ

પાઠ ૨૨

સરદાર=ઉપરી

સ્વપ્નું=ઉંઘમાં આવતા
વિચાર

જંગલમાં=વનમા

હરણી=હરણની માદા

રૂપાળું=શોભિતું

ઉપાડી=ઉંચકી

એકદમ=તરત
છલંગ=ફાળ; કુદકો
દેવતાઇ=દેવના જેવો

પાઠ ૨૩.

પુરુષ=માણસ
ઉંદરડી=ઉંદરનું બચ્ચું
રસોડું=રસોઇ કરવાની જગા; રાંધણી
ભરાઇ=સંતાઇ
ભાત=બાફેલા ચોખા
ખાવાનું=ખોરાક
સારા=ભલાં
ઉપલા=ઉપરના
બાકું=કાણું
પોળી=બેપડવાળી રોટલી
મન મરજી; ખુશી
મણા=ખામી; ખોડ
ઉંદરીઉં=ઉંદર પકડવાનું પાંજરૂં
ભોગજોગે=એકાએક
પાર=છેડો
વલે=હાલ; દશા
સાર-બાળકોએ મોટાની શિખામણ માનવી

પાઠ ૨૪.

કાંઠો=કિનારો
પોલ=પોલાણ
દર=કાણું; સાપ, ઉંદર મકોડા, કીડી વગેરેને રહેવાનું ઘર
ઝેરી=ઝેરવાળો
પંખી=પાંખવાળા જનાવર જેવાં કે.ચકલી પોપટ, કાગડા વગેરે
ફુંફાડા=ફૂં ફૂં અવાજ કરવો તે
ફેણ=સાપની પહોળી કરેલી ગરદન
છોલાય=ઘસાય; સોરાય
વળગીને=બાઝીને
ચટકા=ડંખ
ભોંય=જમીન
પછાડી=અફાળી.
વાસ=પીમળ
પછાડા=તરફડીઆ
અંતે=આખરે; છેવટે
જોરાવર=જબરી
જીવ લીધો=મારી નાખ્યો
ઝાઝા=ઘણા
નબળા=જોર વગરના
વેર=અદાવત
નાગ=ફેણવાળો મોટો સાપ
પ્રાણ=જીવ
પેર=રીત

સમજુતી—જોર વગરના પણ ઘણા માણસ સાથે કોઇ પણ દિવસ વેર કરવું નહિ; જુઓ કે આ રીતે ઘણી કીડીઓએ મળીને મોટા સાપને પણ મારી નાખ્યો.

સાર—કોઇને હલકું ગણી તિરસ્કાર કરવો નહિ, તેમજ પોતાની શક્તિ વધારે છે એમ ધારી અહંકાર કરવો નહિ.

પાઠ ૨૬

ચતુરાઇ=હોશિયારી;

ફુજો=ભેટવો

આમતેમ=આજુબાજુ

ફાંફાં=ખોટી મહેનત

ઉપાય=ઇલાજ

સૂઝી આવ્યો=જડયો

પાછી=બીજીવાર; ફરીને

મટાડી=દૂર કરી

નાચતો=કૂદતો

લુપાઇ=સંતાઇ

કાજે=માટે; સારૂ

કંકર=કાંકરી

ધીરજ=સબુરી

કઠણ=અઘરૂં

જલદી=થોડીવારમાં

પાર મુકાય=પુરૂં થાય

સમજુતી—ભોટવામાંનું ઉંડું પાણી ઉપર લાવવા માટે કાગડાએ કાંકરા નાખ્યા, તેથી પાણી ઉપર આવ્યું, તે આજ પીધું. (૧) સબુરી ને ડહાપણથી જે અઘરૂં કામ હોય છે, તે થોડાવારમાં પુરૂં થાય છે; માટે ભલે તમે બધા કરી જુઓ. (૨)

સાર—અક્કલ અને ધીરજથી જેવું કામ થાય છે, તેવું ફાંફાં મારવાથી થતું નથી.

પાઠ ૨૭ મો.

કાપણી=અનાજ, ઘાસ વગેરે કાપવાનું કામ

મહેનત=મજુરી

આથમતા=આથમીજતા

વઢાઇ=કપાઇ

દાદાજી=બાપના બાપ; માના બાપ

સાદ=અવાજ

મલકાવી=હસવા જેવું કરી

બેટા=દીકરા

બાથમાં=બે હાથની વચમાં

બચ્ચી=બોકી; ચુંબન

ભાથું=ખાવાનું

તાજા=કામ કરવાની શક્તિવાળા

ઉનો=ગરમ

માખણ=દહીંને વલોવવાથી છાશના ઉપર જે ધોળો હલકો ચીકણો પદાર્થ તરી આવે છે તે;

વંતાક=વેગણ

દહાડીઆ=રોજથી મજુરી કરનાર.

ભાણ=સુરજ

ભાણ બૂડે=સુરજ આથમે

દાતરડું=અનાજ ઘાસ વગેરે કાપવાનું લોઢાનું વાંકું હથિયાર

ચાસ=ખેતરમાં હળે કરી પાડેલા આડા ઉભા લીસોટા

ચચ્ચાર=ચાર ચાર

દહાડો આથમે=સાંજે

સાર—ખેડુતનો ખોરાક સાદો છે, પણ તેઓ મહેનતુ હોવાથી ઘણા મજબુત હોય છે; માટે આપણે મહેનત કરવી.

પાઠ ૨૮.

ખળાં=ઘણી ખળીઓ
પાથરા=કાપીને ભોંયપર નાખેલા છોડ
ખળી=કણુસલામાંથી દાણા છુટા પાડવા માટે લીપી ચોકખી કરેલી જગા
ભોર=ઢગલો
ઠાલવ્યો=ખાલી કીધો
હાલરાને=બળદની હારને
પગર=કણુસલાંમાંથી દાણા છુટા પાડવા માટે તેના પર ઢોરોને ચલાવે છે તે
પટલાણી=પટેલની બૈરી
ઉપણી=ઝાટકી
કુંવળ=ઘઉંનું ઘાસ
કારભાર=કામકાજ
હરખ=આનંદ; ખુશાલી
હરખ માતો ન હતો=ઘણીજ ખુશી થતી હતી
હોંસીલી=ઉમંગી
પગર ફેરવતી હતી=બળદને ફેરવી તેના પગવડે ઉંબી કચરાવતી હતી.
હાલરૂં=ઉંબીમાંથી ઘઉ અને છોડાં છુટા પાડવા માટે તેના ઢગલા પર બળદને હારબંધ જોડી ફેરવવામાં આવે છે તે.

પાઠ ૩૧.

સહેલ=મજા; ગમત
ચંદ્રમા=ચાંદો
મેદાન=ખુલ્લી સપાટ જમીન
નીચે ઉતરી ગયો હતો=દેખાતો બંધ થયો હતો
આથમે=દેખાતો બંધ થાય
બપોર=દહાડાના બાર વાગતાનો વખત
રાત=સુરજ આથમ્યા પછી તે પાછો ઊગે ત્યાં સુધીનો વખત
અજવાળું=ઉજાસ
ઝાંખો=તેજ વગરનો
ઝગઝગે=ચળકે
ઓટલો=ઘરને લગતો ચોતરો
ઢંકાઇ=દબાઇ;છુપાઇ
ફોરાં=છાંટા
જરૂર=ખપ; ઉપયોગ
પાલો=કુમળાં પાંદડાં; પાંદડાંનો જથો
બી=બીયાં
પોચી=નરમ
હમણાં=હાલ;આ વખતે
તળાવ=પાણી ભરાઇ રહે તેવો મોટો ખાડો
નદી=મીઠા પાણીનો વહેતો મોટો વહેળો
પવન=વા; વાયરો

પાઠ ૩૨

ચોભ્યાં=અટકયાં
ચોકખી=સાફ
ગામડા=નાના ગામો
છોડી=મૂકી
રેલો=પ્રવાહી પદાર્થનું વહેવું તે.
રેલમરેલા=ચારે તરફ રેલા નીકળવા તે
બિચારા=બાપડા
પછડાતા=અફળાતા
તણાઇ=ખેંચાઈ
ઘેબરીઓ=ઘેબરનાજેવો મીઠો
પરસાદ=ખાવાનું; જમવાનું
કારેલું=એક જાતનું કડવું શાક
નેવલે=નેવાએ

સમજુતી—હે વરસાદ તું આવ, જેથી કરીને અમને ઘેબરાના જેવું મીઠું ખાવાનું, ઉની ઉની રોટલી અને કારેલાનું શાક મળે. હે વરસાદ તું ઘણો આવ, કે જેથી નેવામાં પાણી આવે, અને નઠારી છોકરીને દેડકાં ખેંચી જાય.

પાઠ ૩૩.

રેતી=પત્થરનોઝીણોભુકો
ભુકો=ઝીણી રજ
મટાડી=માટી
ડહોળું=માટીવાળું
નીતરૂં=મેલ વગરનું; ચોકખું
ધારવાળા=અણીવાળા
તાણી=ઘસડી; ખેંચી
ખરે છે=નીચે પડે છે.
તળીએ=નીચે
રસ્તો=માર્ગ; વાટ
ચુશી=શોષી

પાઠ ૩૪.

ભઠ્ઠી=મોટો ચુલો
સીંચ્યાં=ગોઠવ્યાં
ઇંટવાડો=ઇંટ પાડવા તથા પકવવાની જગા
કઠણ=સખત
પછાડવાથી=અફાળવાથી
ચીકણી=ચિકાશવાળી (ચિકાશ ૩ જાતની હોય છે.૧)હાથે ચોંટી જાય એવી ૨) ડાધા પડે એવી ૩) તાણતાં તૂટે નહિ એવી
કાણાં=બાકાં
કણક=કેળવેલો ઘઉંનો લોટ
ઘાટ=આકાર
ઘડો=ગાગરથી નાનું વાસણ; દોણીઓ
ગાગર=ઘડા કરતાં મોટું વાસણ
કોઠી=અનાજ ભરી મૂકવાનો નાનો કોઠાર
કોડીઆં=દીવા કરવાના માટીનાં વાસણ.
ફરતા=ચોગરદમ; બધી તરફ

તાપ=ગરમી

પાઠ ૩૫

ધાતુઓ=ખનીજ પદાર્થો; ધાતુમાં નીચેના ચાર ગુણો ખાસ ગુણો છે. ૧) ધાતુના કણો ચળકતા હોય છે. ૨) ધાતુઓ ભારે હોય છે ૩) જમીનપર પડતા ધાતુનો અવાજ થાયછે ૪)ગરમી વહી શકેછે.

પિત્તળ=જસત અને તાંબાની મેળવણીની બનેલી પીળા રંગની ધાતુ

લુહાર=લોઢાનો ઘાટ બનાવનાર

ધમણ=દેવતા ફુંકવાનો સંચો

સળીઓ=ગજીઓ

ખુબ=ઘણો

લાલચોળ=ઘણોજ ગરમ

એરણુ=સોની, લુહાર વગેરે જેના પર મુકી ટીપે છે તે

હથેડો=ધાતુઓ ટીપવાનું ઓજાર; મોટી હથોડી

ટીપ્યો=ઘડયો

જતરડો=તાર ખેંચવાનુ હથિયાર.

સોનું=પીળા રંગની કીમતી ધાતુ

રૂપું=ધોળા રંગની કીમતી ધાતુ

તાંબું=લાલ રંગની ધાતુ

કલાઇ=ધોળારંગની ધાતુ (એ રૂપા કરતાં નરમ હોય છે).

સીસું=ધોળા મેલા રંગની ધાતુ

સોનું, રૂપું, તાંબુ, લોઢું, સીસું, જસત, કલાઇ, અને પિત્તળ એ ધાતુઓનું ઓળખાણ કરાવવું અને તેનો તફાવત સમજાવો.

પાઠ ૩૬

નાણું=ચલણી સિક્કા

શેઠ=શાહુકાર

પૈસો=ત્રણ પાઇની કિંમતનો તાંબાનો સિક્કો; સવાકો; દોઢીઉં.

ઢબુ=બે સવાકાની કિંમતનો તાંબાનો સિક્કો; બે સવાકા; અઢીકો,

અધેલા=અડધો પૈસો; દોઢપાઈ; દોઢ પાઇની કિંમતનો તાંબાનો સિક્કો.

રૂપીઓ=સોળ આનાની કિંમતનો રૂપાનો સિ-

કકો; સોળ આના	મહોર=પંદર રૂપીઆની કિંમતનો સોનાનો સિક્કો; ગીની	૨ અડધા=૧ રૂપીઓ
અડધો=આઠ આનાની કિંમતનોરૂપાનોસિક્કો; આઠ આના.	આની=ચાર સવાકાની કિંમતનો નીકલનો સિક્કો; ચાર સવાકા	૪ પાવલી=૧ રૂપીઓ
પાવલી=ચાર આનાની કિંમતનોરૂપાનોસિક્કો; ચાર આના	વટાવ્યા=છુટા પૈસા લીધા	૮ બેઆની=૧ રૂપીઓ
બેઆની=બે આનાની કિંમતનો રૂપાનો અથવા નીકલનો સિક્કો; બે આના	૧૫ રૂપીઆ=૧ ગીની (મહોર)	૧૬ આના, આની=૧ રૂપીઓ.
		૩૨ ઢબુ=૧ રૂપીઓ
		૬૪ સવાકા=૧ રૂપીઓ,
		૧૨૮દોઢપાઈ=૧ રૂપીઓ
		૧૯૨ પાઈ=૧ રૂપીઓ

સૂચના:—નાણાંની વાત **પહેલા ધોરણના "સુબોધલિખિત શિક્ષક"**માં જુઓ.

ટીપ—પૈસાને કાઠિઆવાડમાં ત્રાંબીઉં, ગુજરાતમાં કેટલેક ઠેકાણે જંઘ, સુરતમાં સવાકો અને મુંબાઈમાં દોઢકું કહે છે.

પાઠ ૩૭

કુહાડી=લાકડા ફાડવાનું લોઢાનું ઓજાર	તકરાર=રકઝક; વઢવાડ	અણી=તીણો ભાગ
સોય=લુગડાં શીવવાનું લોઢાનું ઓજાર	ધાર=અણીવાળી કોર	ચળકાટ=ઝળકાટ
લક્કડફોડા=લાકડા ફાડનાર	ચીરૂં=ફાડું	મોટાઈ=વડાઈ; માન
	મુદર=કુહાડીના માથા પરનો ભાગ; કુહાડીનો ઉપલો ભાગ	કોદાળી=જમીન ખોદવાનું ઓજાર
	તોલે=બરાબર	વઢી=લડી.
	નાકું=કાણું	દીકરી=છોકરી
		પેદા થયાં=નીકળ્યાં

સાર—આ દુનિયામાં બધી વસ્તુઓ ઉપયોગી છે; માટે કોઇએ બડાઈ કરવી નહિ.

પાઠ ૩૮.

વાડી=ફૂલફળવાળી જગો; નાનો બાગ.
માળી=ફૂલ વેચનાર; છોડ ઉછેરનાર
ફૂલઝાડ=ફૂલ થાય તેવા છોડ અથવા ઝાડ
ક્યારા=આસપાસ પાળ કરેલી હોય એવા ચોરસ ત્રિકોણ વગેરે આકારના ભાગ
ચોરસ=ચાર ખુણાવાળો આકાર
ગલગોટા=એક જાતનું લાલ પીળા રંગનું ફૂલ
ફળેછે=ફળ આપે છે
દાડમ=દાડમડીનું ફળ.
જમરૂખી=જમરૂખનું ઝાડ
પક્ષી=પંખી; પાંખવાળા જાનવર
ડાળી=થડમાંથી નીકળેલો ફાંટો;
લાંબા ગોળ=લંબગોળ
મધપુડો=મધમાખીને રહેવાનું ઘર.
મધમાખી=મધ બનાવનારી માખી.
મધ=ફૂલમાંથી ચૂસેલો મિઠાશવાળો પ્રવાહી પદાર્થ.
કોસ=કુવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો અને બળદ વગેરે
આવ્યો રામ=કોસ ઉપર આવ્યો
થાળું=કુવાના મથાળા પર પાણીભરવાને ઢાળ પડતું બાંધેલુ હવાડા જેવું હોય છે તે
લલકારતો=લહેકારી બૂમો પાડતો
નીક=પાણી જવાનો રસ્તો
લીલાંછમ=ઘણાજ લીલા

પાઠ ૩૯

છોડવા=નાનાં ઝાડ; છોડ.
ઉખેડી=મૂળમાંથી ખેંચી
મુળીઉં=મૂળ
દાંડી=ડાળી
કળી=ખીલ્યા વગરનું ફૂલ.
જીવતા=જીવવાળા
સુકાઇ જાય=ચીમળાઇ જાય
પથરાઇ=ફેલાઇ
વેલા=ભોંયપર પથરાતા છોડ.

પાઠ ૪૦

ટટાર=સીધા
છાલ=ઝાડની ચામડી

ખરબચડી=ખાડા ટેકરા વાળી

પાઠ ૪૧.

ગલકી=ગલકાનો વેલો
વળગી=બાઝી
છાપરું=ઘરનો છેક ઉપરનો ભાગ જેનાપર નળીઆ હોય છે તે
વીંટળાઇને = ચોગરદમ વળગીને
આરીઆના=કુમળા ચીભડાના
દોરડી=દોરી
અંતરે=છેટે
ગાંઠા=ગાંઠ

પાઠ ૪૨.

કેરી=આંબાનું ફળ
આંબો=કેરીનું ઝાડ
મોર=આંબા આમલીનાં ઝીણાં ફૂલ
તાપે=તડકે
ભાર=બોજ; વજન
નીચી નમતી=લચીજતી
ગોટલો=આંબાના બીનું ઢાંકણુ
ગોટલી=આંબાનું બી.
ઘોળજે=દાબી દાબીને પોચી કરજે
ભગવાને=પરમેશ્વરે
જતન=સંભાળ
ઢીલા=પોચો; નરમ
ડીંટું=ડીચું

પાઠ ૪૩.

ધીમે=હળવે
હીંડે=ચાલે
ભસતો=બો બો કરતો
સામી થાય છે=લડવાને તૈયાર થાય છે
અમળાઇને=વળ ખાઇને; મરડાઇને
જડબાં=ડાચાં
વાગોળવું=ખાધેલું પાછું મોંમાં લાવી ચાવવું તે
નિરાંતે=સુખે; નચિંતે
ઉપાડે=ઉંચકે
ખરી=ગાય ભેંસ વગેરેના પગના તળીઆનું હાડકું.
ફાટ=ચીરો
ખાડા=ખાબોચીઆં
જોરાવર=જબરી
વગડાઉ=જંગલી; જંગલમાં રહેનારી
પુરી પડે=ફાવે; બર આવે

પાઠ ૪૪.

લાગ=દાવ; વખત
ટોળામાંથી=જથામાંથી
છટકી=નાસી
ડુંગરા=નાના ટેકરા
ચારો=લીલું ઘાસ
માંડી=ગોઠવી; મૂકી
ઠરતા=શોભતા
કુદકો=છલંગ;ફાળ;ઠેકડો
ચતુપાટ=બરાબર ચતુ
ભરવાડ=ઘેટાં બકરાં ચરાવનાર

ફેર=ફરક; તફાવત
મજબુત=જબરા
ઓછા=થોડા
ઊન=ઘેટાના વાળ

પાઠ ૪૫.

મીઠું=મીઠાશવાળું
ગુણ=ફાયદો
ઠંડું=ટાઢું
ઊનું=ગરમ
બગડી જાય=ફાટી જાય
ચોકખું=મેલ વગરનું; માંજેલું
પહેલાં=અગાઉ
આંચળ=થાન
મેલ=કચરો
દાણો=અડદ ગુવાર વગેરે
જણસે=વસ્તુઓ; ચીજો
છાશ=દહીંમાં પાણી નાખી વલોવવાથી બને છે તે
તાવીને=ગરમ કરીને
શીખંડ=દહીંમાં ખાંડ નાખી છણવાથી બને છે તે
લોચો=લચકો
માવો=દૂધને બાળી-બાળીને લોચા જેવું કરે છે તે
પેંડા=માવામાં ખાંડ નાખી ગોળી વાળી બનાવે છે તે
તર=મલઇ
દૂધપાક=દૂધને ઉકાળી ખાંડ ચોખા નાખી બનાવેલો પાક
બાસુદી=માવો થતાં પહેલાં ખુરં નાખી બનાવેલો પદાર્થ.

પાઠ ૪૬.

પ્રાણી=જેને જીવ છે અને જે અહીંથી તહીં હરીફરી શકે છે તે.
છેલ્લી=છેવટની.
ડાઘીઓ=કુતરાનું નામછે
સભા=મંડળી; ટોળી
ઉપરી=મોટો; વડો
ઠરાવ્યો=નક્કી કર્યો
ટીપુ=કુતરાનું નામ છે
ચાલાક=હોશિયાર;ચંચળ
કારકુન=મહેતો; લખવાનું કામ કરનાર
ચુપચુપ=મુગા
અંતે=આખરે; છેવટે.
ગંધ=વાસ
શિઆળ=ફાડી ખાનારૂં કુતરા જેવું જનાવર.
રીઝે=ખુશ થાય.
માંસ=ગોસ.
અણીવાળા=તીણા
દાઢ=બેવડા દાંત
કરકરા=બરછટ; નરમ નહિ તે.
ફરતો=બહાર નીકળતો
ધણી=માલિક
જે=જય; ફતેહ

પાઠ ૪૭.

ચાંચ=પક્ષીનું મોં
સમડી=એકજાતનું પક્ષી.

કબુતર=એકજાતનું પક્ષી
કીડા=પેટે ચાલનાર નાનાં જીવડ
જીવડા=જંતુ; નાના જીવ
માળા=પક્ષીને રહેવાનાં ઘર

પાઠ ૪૮

પાંજરૂં=પીંજરૂં; પોપટ ઉંદર, કોયલ, તોતર વાઘ, સિંહ વગેરેને રાખવાનું ઘર
ભૂખ્યો=ખાધા વિનાનો
તરબુચ=એક જાતનું ફળ
કકડો=ટુકડો
કા કા=કાગડાનું બોલવું તે
ડીલ=શરીર
ફેર=તફાવત; ફરક
જીવજંતુ=નાના જીવડા
કોહેલું=કોહી ગએલું; બગડી ગએલું
સળેલું=સડી ગએલું; જીવાત પડેલું
પાછળ=પછાડી
લાલ=રાતી
છેડેથી=નાકેથી
ભાવ્યું=પસંદ પડયું
કૂદતો=કુદકા મારતો
ચોક ઘરનો=વચમાંની છોબંધ ખુલ્લી જગા

પાઠ ૪૯

રકાબી=કાચની તાસક
હલાવ્યું=એક રસ કર્યું
વાહ=શાબાશ
નારંગી રંગ=નારંગીના જેવો રંગ
સરખે ભાગે=બરાબર

પાઠ ૫૦

પારણું=લાકડાના ચોકઠાનું ઘોડીઉં
ઝોળી=ચાર છેડા બાંધી લઇ વચમાંથી ઝુલતો રાખેલો લુગડાનો કકડો
પાસું=બાજુ
પાંગરા=ઝોળીએ ભેરવવાની લાકડીઓ
દોયણું=ઝોળી બાંધવાની દોરી
ઝાપટી=ખંખેરી
મોભ=ઘોડીઆની વચમાંનો આડો થાંભલો
ભેરવ=વળગાડ
ભમરી=લાકડાની ફુદડી ચકરડી
પાયા=પગ
પોચી=સુંવાળી; નરમ ખુંચે નહિ એવી
ગોદડાં=નાનું ગોદડું
હીર=રેશમ
ઝુલાવવા=હલાવવા
હાલરડું=બાળકને ઉંઘાડવાનું ગીત; હાલો
હુમણ=પારણા કે ઘોડીઆમાં સુવાડીને ગાતાં ગાતાં દોરો ખેંચી હીંચકા નાખવા તે
ગીતે હુમણ્ હાલ્યું=હાલરડાં ગાઇ હીંચકા નાખ્યું
રંગીત=રંગેલો
પોઢો=સુઓ
હેતે=વહાલથી

ઝુલાવું=હીંચકા નાખું
પધારવું=બેસાડું
ચીતરેલ=ચીતરેલી
પઢાવું=શીખવું; ભણાવું
મોરલો=મોર
મઢાવું=જડાવું
મખમલ=એક જાતનું રેશમી કપડું
તળાઈ=ગાદલું; ગદેલો
તાજી=નવી
ચિનાઇ=ચીન દેશમાં બનેલી
સેજ=પથારી
બિછાવું=પાથરૂં
હીંચોળું=હીંચકા નાખું.
ઘેરાંઘેરાં=મધુરાં મધુરાં
લાડકડા=લાડકા; વહાલા
ગજવે=ગજવામાં

સમજુતી—હાલરડું વહાલું લાગે છે, હો મારા ભાઇને (છોકરાને) હાલરડું વહાલું લાગે છે; તેથી હું ગીત ગાતાં ગાતાં દોરી ખેંચીને હીંચકા નાખું; હે રસીલા તમે રંગેલા પારણામાં સુઇ જાઓ, તો હું તમને ઘણા હેતથી હીંચકા નાખું; ભાઇને પારણે ભમરીઓ જડાવું અને પુતળીઓ બેસાડું, ભાઇને હાલરડું વહાલું લાગે છે. (૧) પારણે ચીતરેલી ચાંચની ચકલી, અને ભણતો હોય એવી રીતે પોપટ બેસાડું; ભાઇ તારે સારી રીતે રમવા માટે મોરને સોનાથી જડાવું, ભાઇને હાલરડું વહાલું લાગે છે. (૨) પારણામાં મખમલ અને મશરૂની નવી તળાઇઓ પથરાવું અને તેના ઉપર ચંપાના ફૂલની તરેહવાળી ચીન દેશમાં બનેલી ચાદર પાથરૂં. ભાઇને હાલરડું વહાલું લાગે છે. (૩) મારા વહાલા ભાઈ હું પારણે રેશમી દોરી બાંધી તને હીંચકો નાખું અને તને ઉંઘ આવે એવાં મીઠાં ગીત ગાઉં; હે લાડકડા ભાઇ તમે ઉંઘીને ઊઠશો ત્યારે તમારા ગજવામાં ખાવાનું ઘાલીશ. (મતલબ કે ઊંઘી ઊઠયા પછી તને ખાવાનું આપીશ) ભાઇને હાલરડું વહાલું લાગે છે. (૪)

પાઠ ૪

નિશાળીઆને બોધ

ઇશ્વર=પરમેશ્વર
નિત્ય=રોજ; હંમેશાં.
નિત=રોજ; હંમેશાં.
પરોઢીએ=સુરજ ઊગતા પહેલાં
તમામ=બધા; સઘળા
દો=આપો.
માન=આબરૂ
ગુરુ=મહેતાજી; માસ્તર
સમા=જેવા; બરાબર
જ્ઞાન=સમજણ; અક્કલ
તજવું=છોડી દેવું; કાઢી નાખવું.
અંગ=શરીર
હળીમળીને=સંપીને
સંગ=સોબત; દોસ્તી
ચોડી=લગાડી
ચિત્ત=મન
શિક્ષા=શિખામણ; બોધ
રૂડી=સારી
રીત=ચાલ
પેર=રીત; પેઠે.
નીસરી=નીકળી
પાંસરૂં=સીધું; રખડયા વગર.

સમજુતી–હંમેશાં સુરજ ઊગતા પહેલાં ઊઠવું અને પરમેશ્વરનું નામ દેવું; પછી દાતણપાણી કરી લઇ નહાઇને બધા પાઠ તૈયાર કરવા. (૧) માબાપ કહે તેમ કરો, અને વડીલની સાથે વિવેકથી ચાલો; મહેતાજીને બાપ જેવા ગણો, તેથી સારી સમજણ મળશે. (૨) કદાપિ જુઠું બોલવું નહિ. અને શરીરમાંથી સુસ્તાઇ કાઢી નાખવી, (મતલબ કે કામ હોંસથી કરવું અને વાર લગાડવી નહિ) બધા સાથે સંપીને ચાલવું, અને સારી સોબત રાખવી. (૩)

રોજ નિશાળે જવું અને મન લગાડીને ભણવું; મહેતાજીની શિખામણ માનવી અને સારી ચાલ રાખવી. (૧) ભણતી વખતે મન રમતમાં રાખવું નહિ, એ તમે સારી પેઠે સમજો નિશાળેથી છુટયા પછી સીધા ઘેર જવું. (મતલબ કે રસ્તામાં રખડવું નહિ)(૨)

પાઠ ૯

મા સંબંધી કવિતા.

સર્વ=બધાં
દેખી=જોઇ
હરખાઉં=ખુશ થાઉં
ચાંપે=દબાવે.
સાથ=સાથે.
બોકી=બચી; ચુંબન
બાથ ભીડે=બે હાથ પહોળા કરી છાતી સાથ દબાવે

પંપાળીને=હાથ ફેરવીને	ખાવું=ખાવાનું	પેટ ભરીને=ધરાઇને.
મુખ=મોઢું	મારી જાત=મારૂં શરીર	માડીમા
દુખડાં=દુ:ખો	લગાર=જરા	નવ=નહિ
મીઠા=સારા	તે વાર=તે વખતે	સૌથી=બધાં કરતાં.
	ઉંઘાડવા=ઉંઘ લાવવા.	હેત=વહલા; પ્યાર.
કલોલ=મજા; આનંદના શબ્દો.	હાલો=ઉંઘ આણવાનું ગીત	અપાર=ઘણુંજ
		આભાર=પાડ; ઉપકાર

સમજુતી—હું માને જોઇને બહુ ખુશ થાઉં છું, અને દોડતો દોડતો તેની સામે જાઉં છું; મા મને લઇને છાતી સાથે દબાવે છે. બચ્ચી કરીને બે હાથ પહોળા કરીને દબાવે છે. (૧) ખોળામાં લઇને મને ધવરાવે છે. અને શરીરપર હાથ ફેરવીને ખુશ થાય છે. મારૂં મોઢું જોઇને (મને જોઇને) હરખાય છે. અને પોતાનાં બધાં દુ:ખો ભૂલી જાય છે. (૨) પંખી આનંદથી બોલતાં હોય તેના જેવા મારા બોલ મીઠા લાગે છે; મા મને સારૂં સારૂં ખાવાનું આપેછે. અને મારા શરીરની બહુ સંભાળ રાખે છે. (૩) મને જરા રડતો જાણીને તે વખતે ગભરાતી ગભરાતી દોડી આવે છે; જો હું હસું અને રમું તો તું બહુ ખુશ થાય છે, અને મને ઉંઘાડવાને માટે તું હાલરડાં ગાય છે. (૪) જો હું માંદો પડું તો તું ઓસડ પાય છે, અને તું (માડી) પણ પેટ ભરીને ખાતી નથી; બધા કરતાં તારૂં હેત ઘણુંજ છે. માટે હું તારો ઘણો પાડ માનું છું. (૫)

પાઠ ૨૧.	કદી=કોઇ વખત	હવા=પવન
પરમેશ્વરના ગુણનું ગાયન.	અગણિત=ગણાય એટલા	દામ=પૈસા
		દીએછે=આપે છે
ચંદ્ર=ચાંદો	ઉજાસ=અજવાળું	પાળે=પુરૂં કરે;પોષણ કરે
વીસરૂં=ભુલું	કામ=માટે	તમામ=બધા
પ્રભુ નામ=પરમેશ્વરનું નામ.	ઉપયોગી=ખપની; જરૂર	દેવા=આપવાને

સરજાવી=પેદા કરી	પાન=પાંદડાં	હામ=હિંમત
સૌ=બધે	દયા=મહેરબાની	
ઠામ=ઠેકાણે	સેવક=દાસ	

સમજુતી—ભગવાનનું ભજન ભૂલીશ નહિ, હું કદી પણ ભગવાનનું ભજન ભૂલીશ નહિ. પરમેશ્વરે અજવાળાને માટે ચંદ્રમા, સુરજ અને ગણાય નહિ એટલા તારા બનાવ્યા છે. હું કદી પણ૦(૨) ગણી જરૂરની જે હવા તે તેં આપી છે તેના કંઇ પૈસા બેસતા નથી. હું કદી પણ૦ (૨) તું વરસાદ વડે અનાજ આપે છે, અને બધા જીવોનું પોષણ કરે છે. હું કદી પણ૦ (૩) દૂધ દહીં આપવાને માટે તેં બધે ઠેકાણે ગાય અને ભેંસને પેદા કરી છે. હું કદી પણ૦ (૪) તેં ઝાડ, પાંદડાં, ફૂલ, ફળ, આંબો, ગુલાબ, બદામ વગેરે બનાવ્યાં છે, હું કદી પણ૦ (૫) તમે મહેરબાની કરીને મને ઘણી વિદ્યા સુખ અને હિંમત આપો. હું કદી પણ૦ (૬)

પાઠ ૨૫
મા બાપની ચાકરી

લુલા=લંગડા	કાવડ=વાંસને બે છેડે શીકાં બાંધી બનાવેલું તે	જેવારે=જે વખતે; જ્યારે
સેવા=ચાકરી	મનસુબો=વિચાર	આશીશ=ભલું થજો એમ કહેવું તે
અમાપ=ઘણી	માતપિતા=માબાપ	અપાર=ઘણીજ
કે'=કહે	તે વાર=તે વખતે	ફરજ=પોતાને કરવાનું કામ
ધન=પૈસો	ધન ધન=વાહ વાહ	બજાવી=પુરી કરી
તીરથ=જાત્રા	સારા=ચાકરી કરે એવા	મે'ર=મહેરબાની; દયા
પારખી=જાણી	સંતાપ=મનનું દુઃખ	લીલાલહેર=મજા; બધી વાતે સુખી.

સમજુતી—માધવનાં માબાપ ઘરડાં, લુલા, આંધળાં અને

ગરીબ હતાં, તેઓની માધવ ઘણીજ ચાકરી કરતો હતો. (૧) માધવને એના માબાપે કહ્યું કે અમારા મનની વાત સાંભળ, જો. અમારી પાસે પૈસા અને આંખો હોત, તો જાત્રા કરવા જાત. (૨) માબાપનું મન પારખી લઇને તેણે તેમને સુખી કરવાનું ધાર્યું જો હું કાવડમાં બેસાડીને જાત્રા કરાવું તો આ એમનું દુઃખ મટે. (૩) એવો વિચાર કરીને કાવડ બનાવી અને માબાપને બે બાજુએ બેસાડયાં.(૪) પછી ખાંધે કાવડ ભેરવીને જાત્રા કરવા ગયો, માધવના આવા હેતથી બધાંને નવાઈ લાગી. (૫) આવા છોકરાને વાહવાહ છે. (શાબાશ છે.) અને માબાપને પણ ધન્ય છે; જો છોકરા સારા હોય તો કંઇ દુઃખ રહે નહિ. (૬) બધી જાત્રા કરાવીને જ્યારે તે ઘેર ગયો. ત્યારે માબાપ ખુશ થયાં; અને ઘણાજ આશિર્વાદ દીધા. (૬) છોકરાએ પોતાની ફરજ બજાવી, પોતાને જે કામ કરવાનું હતું તે કર્યું તેથી પરમેશ્વરની મહેરબાનીથી માધવ અને તેના માબાપ બધી વાતે સુખી થયાં. (૮)

સાર—જે છોકરા માબાપ તરફ પોતાની ફરજ બજાવે છે, તેને રમત ગમત અને સુખજ મળે છે.

પાઠ ૨૯	ઉમંગે=હોંસથી	સુંદર=સારો
ખેતરમાં કસણલાં	બાર માસ=એક વરસ	ફાલ=પાક
ઘાસ વગેરે કાપ-	માસ=મહીના	લઇએ=છોડપરથી લઇ
વાનું કામ.	પીરસીને=મૂકીને	લઇએ
કાપણી=કાપવાનું કામ	સંપે=એક બીજાનીસાથે	ખંત ધરીને=કાળજી
આમ=આ તરફ	સદાય=હંમેશ	રાખીને
તમામ=બધા	ઉભરાયો=થયો	કાં=શા માટે

ડુંડાં=જુવાર, બાજરીના કણસલાં
આમ=આવી રીતે
ખળા=કણસલામાંથી અનાજ છુટું પાડવાની જગા; મોટી ખળી.
હૈયે=મનમાં; હૈયામાં
લણણી=લણવાનું કામ અથવા કણસલાં પી લેવાનું કામ
કોળી=બાચકો; નાની પુળીઓ
આસપાસ=આજુબાજુ
વાળુ=રાતનું જમવાનું

સમજુતી—હે બાળકો તમે બધાં આમ આપો; આપણે હોંસથી કાપણીનું કામ કરીએ. જુઓ જુઓ પેલી વાદળીઓ વરસીને જાય છે, એ બાર મહીનાનું અનાજ આપે છે ને હંમેશાં એક બીજાની સાથેજ રહે છે. હે બાળકો૦ (૧) ખેતરમાં કેવો સારો પાક થયો છે! ચાલો આપણે કાળજી રાખીને કાપી લઇએ; શું કરવા કાલ કરીએ? (વાર લગાડીએ?) હે બાળકો૦ (૨) હાથમાં દાતરડું વાંકું લઇને આ પ્રમાણે કણસલાં કાપો; અને તેનો ખળીમાં લઇને ઢગલો કરતાં મનમાં હિંમત રાખો. હે બાળકો૦ (૩) અનાજ લણવાનું કામ પુરૂં થયું, હવે બધાએ ઘાસ કાપો; અને ઘાસના ચચ્ચાર બાચકા લઇને બધાએ આ બાજુએ મૂકો. હે બાળકો૦ (૪) આપણે પૂળા બાંધીને ગાડામાં નાખી કામ પુરૂં કરીએ, પછી ઘેર જઇને વાળુ કરીને બધાએ પરમેશ્વરનું ભજન કરીએ. હે બાળકો૦ (૫)

પાઠ ૩૦.

ખળીઓ.

ખળાં=કણસલામાંથી અનાજ છુટું પાડવાની જગા; ખળીઓ
આ વાર=આ વખત
દીસે=દેખાય
તૈયાર=કણસલાથી ભરેલા
અનાજ=દાણા
છૂટું=જુદું.
સરસ=સારાં.
પિલાય=કચડાય.
કણ=અનાજના દાણા.
ઉપણીએ=છાટકીએ
ડુંસાં=ફોતરાં; છોડા.
કોથળા=ગુણો
સાથ=સાથે
હાથોહાથ=એક બીજાની મદદથી.
ખેડુત=ખેતી કરનાર
મહેનત=મજુરી
ફળ=ફાયદો; લાભ.

સમજુતી—હે છોકરાઓ હમણા આમ આવો, જુઓ ખળીઓ તૈયાર દેખાય છે; ચાલો આપણે આજે ડુંડામાં રહેલા અનાજના દાણા તરત છુટા પાડીએ. (૧) જેમ બળદો ગોળ ફરતા હોય તેમ આપણે સૌ ફરીએ; જો ડુંડાં સારી પેઠે કચડાય તો તેમાંથી અનાજના દાણા તરત છુટા પડે. (૨) આવી રીતે બધું અનાજ આપણે ટોપલામાં ભરીએ અને પછી ઝાટકીએ; જુઓ જુઓ ફોતરાં ઊડી જાય છે, ને બધા દાણા નીચે વેરાય છે. (૩) આપણે સાથે કોથળાઓ લઇ તેમાં આવી રીતે હાથોહાથ અનાજ ભરીએ, જો આપણે ખેડુતનું કામ કરીએ તો આપણને આજે મજુરીનું ફળ મળે. (૪)

ડ્રિલ માટે સૂચના.

૧ છોકરાઓને ઉંચાઇના પ્રમાણમાં, સીધી હારમાં, એકેક હાથને છેટે, બે પગ વચ્ચે ૪૫ અંશનો ખુણો રહે એવી રીતે ઉભા રાખવા, પછી નંબર આપવા.

૨ નંબર બોલતી વખત દરેક છોકરો પોતાની નીચેના છોકરા તરફ મોં કરી નંબર બોલે.

૩ શિક્ષકની સામે ઉભેલી હારના છોકરાઓએ પોતાના જમણા હાથ તરફથી એટલે શિક્ષકના ડાબા હાથ તરફથી નંબર બોલવાની શરૂઆત કરવી.

૪ આગળ કે પાછળ ખસવામાં પ્રથમ ડાબો પગ ઉપાડવો.

૫ એક હારની બે હાર કરવાની રીત નીચે પ્રમાણે.

 ૧ છોકરાઓને એક, બે; એક, બે; એ પ્રમાણે નંબર આપવા.

 ૨ બેકી નંબર એક ડગલું આગળ.

૩ બેકી નંબર એક ડગલું જમણી તરફ. આ મુજબ હુકમ કરવો.

૧ છોકરાઓને એક, બે, ત્રણ; એક, બે, ત્રણ; એ પ્રમાણે નંબર આપવા.

૨ એક નંબરવાળો એક ડગલું આગળ.

૩ ત્રણ નંબરવાળા એક ડગલું આગળ.

૪ એક નંબરવાળા એક ડગલું ડાબી તરફ.

૫ ત્રણ નંબરવાળા એક ડગલું જમણી તરફ. આ મુજબ હુકમ કરવો.

૭. ડમ્બેલ્સ, કડાં બારબેલ્સ વગેરે વહેંચવાની રીત નીચે મુજબ.

૧ દરેક હારના છેલ્લા નંબર પાસે ડમ્બેલ્સો મૂકવા પછી છેલ્લા નંબરે બે ડમ્બેલ્સ બે હાથમાં લઇ પોતાની ઉપરના છોકરાને આપવા એ પ્રમાણે દરેક છોકરા પાસે બબ્બે ડમ્બેલ્સ થશે.

૨ ડમ્બેલ્સ ભોંયપર સામા સીધી હારમાં ઉભા મૂકાવવા, ડમ્બેલ્સ વચ્ચે એક વેંતનું અંતર રખાવવું.

૩ ડમ્બેલ્સ મુઠીમાં જોરથી દાબીને પકડાવવા.

૪ રમતો અગિઆર સુધી કરાવી બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

૫ એકની કૃતિ પ્રમાણે ૩, ૫, ૭, ૯, ૧૧.
બેની કૃતિ પ્રમાણે ૪, ૬, ૮, ૧૦.

૬ રમતો પહેલ વહેલી શિક્ષકે જાતે કરી બતાવવી.

૭ સારો મહાવરો થયા પછી છોકરાઓને પોતાની મેળે બોલીને કરવા કહેવું.

૮ એક રમત બરાબર સફાઇથી ને સાથે કરતાં આવડયા સિવાય બીજી રમત શીખવવી નહિ.

૯ દરેક રમત કરાવતા પહેલાં "તૈયાર" અને "ચાલો" એવા હુકમ આપવા.

૧૦ "તૈયાર" કહેતાંની સાથે છોકરાઓએ ડમ્બેલ્સ લેવાને તૈયાર થઇ રહેવું.

૧૧ "ચાલો" ના હુકમની સાથે ડમ્બેલ્સ લઇ હાથ સીધા લટકતા રાખી ઉભા રહેવું.

ડમ્બેલ્સની ડ્રિલ.

હેતુ-છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧ લી ૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચા.

રમત ૨ જી ૧) જમણો હાથ ઉંચો, ડાબો હાથ લટકતોજ રહેવા દેવો. ૨) એકથી ઉલટું.

રમત ૩ જી ૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ.)

રમત ૪ થી ૧) બેઉ હાથ સ[illegible]ા. (મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ [illegible] ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ.)

રમત ૫ મી ૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથ કોણીમાંથી વાળી મુઠ્ઠીઓ ખભાને અડકાવવી.

રમત ૬ ઠી ૧) બેઉ હાથ સામાં (મુઠ્ઠીઓ આકાશ તરફ.) ૨) બેઉ હાથ કોણીમાંથી વાળી મુઠ્ઠીઓ ખભાને અડકાડવી.

રમત ૭ મી બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. ૧) બેઉ

હાથ જમણી તરફ તીરકસ લંબાવવા. (ડમ્બેલ્સ ઉભા રહે એવી રીતે. આ વખતે ડાબા પગની એડી ઉંચી કરવી) ૨) એકથી ઉલટું.

રમત ૮ મી ૧) જમણો હાથ જમણી તરફ તીરકસ લંબાવવો. અને ડાબા હાથની મુઠ્ઠી છાતી આગળ. (જમણો હાથ ને ડાબો હાથ તીરકસ લીટીમાં રહે તે પ્રમાણે) ૨) એકથી ઉલટું.

રમત ૯ મી પગ પહેલાં હતા તેમ. ૧) જમણો હાથ સામો ડમ્બેલ્સ ઉભો રાખવો, ડાબો હાથ પીઠગમ પાછળ ખેંચવો. ૨) એકથી ઉલટું.

રમત ૧૦ મી ૧) બેઉ હાથ સામા (ડમ્બેલ્સ ઉભા રાખવા) ૨) બેઉ હાથ પાછળ પીઠગમ ખેંચવા. (મુઠ્ઠીઓ છાતીના પાસ[illegible] અડકેલી રહે એવી રીતે.)

(જે જે રમતમાં એ[illegible] ઉલટું લખેલું છે ત્યાં એકની સંજ્ઞાથી [illegible] કૃતિ કરાવવી.)

[illegible] હેર ખબર.

બાળવર્ગની નોટ	રૂ. [illegible]-૦	છઠ્ઠીના ,,	રૂ. ૦-૯-૦
પહેલીના અર્થ	રૂ. [illegible]-૬	સાતમીના અર્થ	રૂ. ૦-૧૦-૦
બીજીના ,,	રૂ. [illegible]-૦	કન્યા ૧લીના અર્થ	રૂ. ૦-૪-૦
ત્રીજીના ,,	રૂ. ૦-૫-૦	કન્યા ૨જીના ,,	રૂ. ૦-૫-૦
ચોથીના ,,	રૂ. ૦-૭-૬	કન્યા ૩જીના ,,	રૂ. ૦-૭-૦
પાંચમીના ,,	રૂ. ૦-૮-૦		

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

દિવાળી	દેવ	કપાટ	પૂણીઆ	ભાગ્યો
અક્ષર	બુધવાર	કોટ	ઘાઘરી	કર્યો
ઊઠયાં	મુસલમાન	દહાડામાં	ઓઢણી	કયારે
નિશાળ	જુમેરાત	અહીં	બદન	આપ્યા
સઘળાં	શનિવાર	નિશાળીઆ	પરીક્ષા	અડાડયો
લીંપેગુંપે	અડવાડીઉં	શિખામણ	ચોકખાઇ	પૂછયું
સંજોરી	દરવાજા	ઇજાર	ચોકખાં	મહીના
ઘુઘરા	પાટીઉં	જ્ઞાન	ધૂળ	કંસાર
સાથીઆ	ફૂલઝાડ	નિત્ય	સાહેબ	બોલાવ્યાં
લુગડાં	ચંપેલી	દાતણ	ચાંદી	મંડયો
ઘરેણાં	કસરત	નાહ્યા	ગંદો	કઢી
દારૂખાનું	ઘંટ	જુડું	ટીલ	પાનસોપારી
દિવસ	બેઠક	ચિત્ત	વાલ્હા	સગાં
ફટાકડા	શીશા	શિક્ષા	ખોલડાવવાં	વહુ
ત્રીજો	નકશો	લાગ્યો	ગંધવાડ	ભત્રીજો
શુક્રવાર	ચિત્રો	ધોતડી	માંદા	ભાણેજ
છેલ્લો	ટાંગેલો	આંગરખી	કવિતા	માશી
વિંપ	ખુણામાં	ટોપી	મુખડું	માસો

સુધી	લખોટા	લેંઘી	દીલ	ગીતરાઇ
રવિવાર	ચોકઠું	સુન્વાલ	વરસગાંઠ	મસિઆઇ
ફ્રોઈઆત	પીરસ્યાં	હોડી	દુઃખ	ચપ્પુ
ઓરમાઇ	બબ્બે	વાદળી	નુકસાન	ગમ્યો
દૂધભાઈ	મટુભાઇ	ધીરૂ	ખીજ્યા	પૂછ્યું
સાસુ	ઉજાણી	રામુ	છુંદાય	દેસાઇ
સર્વે	આશોપાલવ	જીત્યો	ઢોર	લલ્લુ
બાથ	શંભુભાઇ	સુંદર	ઉપરાંત	વખાણ્યો
દુખડાં	પૌંઆ	મળ્યો	નક્કી	પાઘડી
ભૂલી	વઘારેલાં	કાંચળી	છુટ્ટા	સાચાબોલું
કલોલ	લીંબુ	રડ્યા	છૂટ્યો	મશ્કરી
ખુશ	નારંગી	વિના	મૂકી	પસ્તાય
ઓસડ	લાડુ	રડાવશો	દીવાબેન	બચ્ચાં
ક્યાં	રાંદેરા	દેડકાં	સમજ્યો	બૂમો
બોલ્યો	શેતરંજી	પથરા	પૂછું	શરમાઇ
પ્રમાણે	પાંદડાં	ફેંકાફેંકી	હોશિયાર	નાખ્યા
સોરાબજી	કુલડીઓ	ધડાધડ	સેળભેળ	છેતર્યા
કહ્યું	પાથરણું	માર્યા	સંતાવા	સપડાય
અદબ	વાડકો	ડાહ્યા	ફીકર	જુઠાણું
પૂંઠે	ચટણી	ઊઠ્યો	શાબાશ	શિઆળ

ઉતર્યા	ખૂબ	પ્રાણી	પુરી	જુક્તિ
માંડયું	અગણિત	હંમેશાં	આદુ	ડુંડાં
અલ્યા	ઉજાસ	રસ્તો	વંતાક	લણણી
વિચાર	દૂધ	પુંફાડા	કહાડીઆ	વાળુ
કર્યાં	સ્વપ્નું	ઉંદર	બૂડે	છુટું
સાંભળતાં	શિકાર	દેડકાં	પુરૂં	પિલાય
બાંધ્યું	બચ્યું	ફુંદી	દાતરડાં	ઉપણીએ
મોંમાં	રૂપાળું	ચટકા	ત્રણ	ડુસાં
દૂર	મૂકયો	પ્રાણ	ચચ્ચાર	ઊડી
રસ્તામાં	પકડયું	લુલા	પાથરા	કોથળા
અન્ન	માંડયું	આંધળાં	પહોંચ્યાં	ચંદ્રમા
ભૂખ્યો	છલંગ	મનસુબો	ઉતર્યો	ત્યાંસુધી
ભિખારી	પુરુષ	સંતોષ	ઠાલવ્યો	નીકળ્યો
કયાં	કહ્યું	આશીશ	પટલાણી	બોલ્યો
આંધળો	પરમેશ્વર	ચતુરાઇ	કુંપણ	વિષે
અપંગ	આણ્યું	માર્યાં	ઢગલા	અજવાળું
દુકાન	ઉંદરડી	ઉંડું	ખુશ	કામઠું
ઈશ્વર	ભંડારીઉં	સુધી	હોંસીલી	ઝગઝગે
વિદ્યા	ખિલાડી	છુપાઇ	ઉમંગ	વાદળાં
ચંદ્ર	પૂછવું	ઘઉં	વાદળીઓ	બેસાડયાં
પ્રભુ	દુઃખ	બચ્ચા	દાતરડું	આણ્યાં

લાગ્યાં	ભર્ડી	કાઢયા	લીલાંછમ	તુરીઆ
ઠંડાઈ	સીંચ્યાં	ઢણુ	વચ્ચે	ગલકી
મોઢાં	ચપ્પુ	અધેલા	મુળીઉં	ચઢયાં
દરીઓ	નાખ્યું	રૂપીઓ	દાંડીઓ	વીટળાઇ
થોભ્યાં	ઇંટવાડો	શેઠ	ફૂટેલી	તરબુચ
રહ્યાં	નળીઆં	ઊઠયા	પાંદડાં	ટુંકા
ચોકખી	ઠર્યાં	કુહાડી	લીંબુ	ગાંઠા
રેલમરેલા	કોડીઆં	સોય	સુકાઇ	લાવ્યાં
ઘેબરીઓ	ધાતુઓ	લક્કડફોડા	ભોંયમાંથી	ફૂલ
પરસાદ	મૂકયો	મુદર	કોહુળાનો	કયાંથી
ઢેપું	પૂછયું	ચળકાટ	લીમડો	ડીલ
પત્થર	સમજયો	બિચારી	ટટાર	ગોટલો
પ્યાલું	પિત્તળ	ત્રિકોણ	ઉંચું	દાતણ
નીતર્યું	લુહાર	ગલગોટા	ફૂટે	ધોળજે
ભુકો	તપાવ્યો	દાડમ	ડાળીઓ	ડીઠું
પ્યાલા	ટીપ્યો	જમરૂખ	ખરબચડી	હીંડે
ડહોળું	તાંબું	લટકતું	ખુરસીઓ	કુતરો
કાદવ	ટિપાય	મધપુડો	ખાટલા	શીંગડાં
સાહી	ઓળખાવ્યા	મધમાખી	પાટલા	અમળાઇ
ચૂસી	વત્તા	લલકારતો	લીલુંછમ	તૂટી

નિરાંત	પ્રાણી	ભૂખ	હાલરડું	ફડાફડ
વાગોળવું	બબ્બે	ભૂખ્યો	ઘુમણુ	ફાટફાટ
વગડાઉ	છેલ્લી	લુચ્ચા	ચીતરેલ	સોળ
ઘેટું	ટીપુ	જીવજંતુ	મશરૂ	નહિ
પત્થર	ઠરાવ્યો	સળેલું	ચિનાઈ	દહીં
મળ્યું	ચુપચુપ	ભાવ્યું	પુલડાં	ઘમણ
લાગ્યું	શિઆળ	આણ્યાં	હિંચોળું	જસત
કૂદવું	બોલાવ્યો	પડીકા	ઝુલાવવા	કણક
ગબડયું	મોઢું	શીખવ્યું	પાંસરૂં	કોઠી
ચતુપાટ	પીછાં	પોપટ	અંગરખી	ઘોડીઉં
દિવાળી	સમડી	જાબુંડો	કયારે	માંસ
પુછડી	જીવડાં	બનાવ્યો	સુરજ	હળદર
મજબુત	ઇંડાં	પારખું	દશમું	દોહ્યાં
બચ્ચાં	ધડાધડ	મુખડું	દોરડાં	ગોદડીઓ
ખવરાવવા	આંગળા	પાંગરા	અહીં	શાક
શીખંડ	જોડાએલાં	દોયણાં	સૌ	ત્રીજો
દૂધપાક	જળકુકડી	ધૂળ	સઢ	કુતરો

પહેલા ધોરણ માટે પદાર્થપાઠ ભા. ૧. ત્રણ આના.

પહેલા ધો. માટે "ડિકટેશન શિક્ષક" ભા. ૧. બે આના.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. તરફથી

બહાર પડેલી લોકપ્રિય બુકો.

બાળવર્ગનીનોંધ રૂ. ૦-૨-૦	છઠ્ઠીના „ રૂ. ૦-૯-૦
પહેલીના અર્થ રૂ. ૦-૨-૬	સાતમીનાઅર્થ રૂ. ૦-૧૦-૦
બીજીના „ રૂ. ૦-૪-૦	પદાર્થપાઠ ભા.૧.રૂ.૦-૩-૦
ત્રીજીના „ રૂ. ૦-૫-૦	પદાર્થપાઠ ભા.૨.રૂ.૦-૫-૦
ચોથીના „ રૂ. ૦-૭-૬	ચોર્યાસીનો ન. રૂ. ૦-૧-૦
પાંચમીના „ રૂ. ૦-૮-૦	

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ રૂ. ૦-૪-૦
કન્યા વાચનમાળા પુસ્તક બીજાના અર્થ રૂ. ૦-૫-૦
કન્યા વાચનમાળા પુસ્તક ત્રીજાના અર્થ રૂ. ૦-૭-૦

"ડિકટેશન શિક્ષક"

ભાગ ૧-૨. દરેકના બે આના.
ભાગ ૩. ત્રીજી ચોપડીનો અઢી આના
ભાગ ૪. ચોથી ચોપડીનો ત્રણ આના

દરેક ધોરણના જુદા **મુખગણિતશિક્ષક** તૈયાર છે.

સુરત જિલ્લાનો "ભૂગોળ શિક્ષક" બે આના.
સુરત જિલ્લાનો નકશો ત્રણ આના.
ગુજરાતની સામાન્ય ભૂગોળની 'પ્રશ્નોત્તરમાળા' બે આના

છગનલાલ મોતીરામ શાહ. શાહપોર-સુરત.